JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET

ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
- TATA Durashine કલરકોટેડ પતરા
- TATA ગેલ્વેનાઈઝના પતરા
- JSW|મોરછાપ|Colouron+ પતરા
- JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
- ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
- સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્કુ
- પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ

durashine TATA BLUESCOPE STEEL | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | TATA SHAKTEE GC SHEET

દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ અગિયારસ મંગળવાર ૨૬ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૧

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


# ચોથા ભાવવધારાથી સમગ્ર દેશમાં પેટ્રોલ 100 પાર

**પેટ્રોલના** ભાવમાં પ્રતિ લીટરે રૂ. 2.61 અને ડીઝલમાં રૂ. 2.71નો વધારો

**બે સપ્તાહથી** ઓછા સમયમાં ચોથી વખતના ભાવ વધારાથી કુલ રૂ. 7.50 જેટલો વધારો થયો

**અનેક** શહેરોમાં ડીઝલ પણ રૂ. 100ની નજીક પહોંચ્યું

**નવી દિલ્હી, તા. 25 (PTI):** સોમવારે પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૨.૬૧ અને ડીઝલમાં ૨.૭૧નો વધારો કરવામાં આવ્યો હતો, જે છેલ્લા બે અઠવાડિયા કરતાં પણ ઓછા સમયમાં ચોથો વધારો છે. આ વધારાએ ઈરાન સંઘર્ષને પગલે વૈશ્વિક સ્તરે વધેલા ક્રૂડ ઓઈલના મોંઘા ભાવનો બોજ ગ્રાહકો પર નાખવાની પ્રક્રિયાને વધુ લંબાવી છે. આ તાજેતરના વધારા સાથે ૧૫ મે પછીથી અત્યાર સુધીમાં કુલ ભાવ વધારો પ્રતિ લીટર આશરે ૭.૫ પર પહોંચી ગયો છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૯.૫૧થી વધીને ૧૦૨.૧૨ પ્રતિ લીટર થઈ ગઈ છે, જ્યારે ડીઝલ ૯૨.૪૯થી વધીને રૂ. ૯૫.૨૦ પર પહોંચી ગયું છે. લોકસભા ચૂંટણી પહેલા માર્ચ ૨૦૨૪માં પ્રતિ લીટર ૨ના ઘટાડાને બાદ કરતાં, છેલ્લા બે વર્ષથી વધુ સમય સુધી ભાવ મોટાભાગે સ્થિર રહ્યા બાદ, ઈંધણના ભાવ હવે મે ૨૦૨૨ પછીના તેમના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે.

...અનુસંધાન પાના 15 પર

## ‘મહેંગાઇ માનવ મોદી’: રાહુલે વડાપ્રધાનને નવું નામ આપ્યું

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તાજેતરના ઈંધણના ભાવ વધારા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે રાજ્યોની ચૂંટણીઓ પૂરી થતાં જ સરકાર ગ્રાહકો પર બોજ નાખી રહી છે. ગાંધીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવ હપ્તામાં વધારવામાં આવી રહ્યા છે જેથી લોકોના ખિસ્સા શાંતિથી કાપી શકાય. તેમણે વડાપ્રધાન મોદીને મોંઘવારી સાથે જોડીને મોંઘવારી માનવ મોદી કહ્યા હતા. તેમણે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે, ‘મહેંગાઇ માનવ મોદી’એ ફરી એકવાર પ્રહાર કર્યો છે. મહિનાઓથી હું આગામી આર્થિક તોફાન અંગે ચેતવણી આપી રહ્યો હતો, પરંતુ મોદીજી, તેમની હંમેશની આદત મુજબ તે સમયે ચૂંટણીમાં વ્યસ્ત હતા અને જેવી ચૂંટણીઓ પૂરી થઈ, તેમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ₹૮નો વધારો ઝીંકી દીધો. તેમણે ઉમેર્યું કે આ વધારાનો ટ્રેન્ડ હજુ પણ ચાલુ રહેશે અને ‘મોંઘવારી માનવ મોદી’ પાસે માત્ર એક જ કામ છે: ચૂંટણી દરમિયાન વચનો આપવા અને અન્ય સમયે લોકોના ખિસ્સા પર હુમલો કરવો.

## ઇંધણમાં સતત ભાવવધારાથી મોંઘવારીનું દબાણ વધશે

સતત થઈ રહેલા આ વધારાથી મોંઘવારીનું દબાણ વધવાની અને સમગ્ર અર્થતંત્રમાં ટ્રાન્સપોર્ટેશન તથા લોજિસ્ટિક્સ ખર્ચમાં વધારો થવાની અપેક્ષા છે. ભારતમાં રિટેલ ફુગાવો માર્ચના ૩.૪૦ ટકાથી વધીને એપ્રિલમાં ૩.૪૮ ટકા થયો હતો, જ્યારે હોલસેલ (જથ્થાબંધ) ફુગાવો મુખ્યત્વે ઈંધણ અને ઊર્જાના ઊંચા ખર્ચને કારણે ૪૨ મહિનાની ઊંચી સપાટીએ ૮.૩ ટકા પર પહોંચી ગયો છે. ઈંધણના ભાવમાં આ વધારો ભારતનું ઓઇલ ઇમ્પોર્ટ બિલ મર્યાદિત કરવા અને ઈંધણનો વપરાશ ઘટાડવાના સરકારના વ્યાપક પ્રયાસો વચ્ચે આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા અઠવાડિયે નાગરિકો અને સરકારી વિભાગોને ઈંધણ બચાવવા, વર્ક ફ્રોમ હોમને પ્રોત્સાહન આપવા અને બિનજરૂરી મુસાફરી ઘટાડવા વિનંતી કરી હતી, કારણ કે ઊર્જાના ઊંચા ભાવો વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણ લાવી રહ્યા છે અને ચાલુ ખાતાની ખાધ વધવાની આશંકા ઉભી થઇ છે. કેટલીક રાજ્ય સરકારોએ ઓલરેડી પોતાના વિભાગોને મુસાફરી મર્યાદિત કરવા અને ઓફિસમાં હાજરી ઘટાડવા નિર્દેશ આપ્યા છે.

# ગુલમર્ગમાં કેબલ કાર સિસ્ટમ ખોટકાતા સેંકડો ફસાયા

**ગોંડોલા** તરીકે પ્રખ્યાત સિસ્ટમમાં ટેકનીકલ ખામી સર્જાતા 65 જેટલી કેબલ કારો હવામાં અદ્ધર અટકી પડી

**ફસાયેલા** 300 જેટલા પર્યટકોને બચાવવા SDRF, NDRF, પોલીસ અને લશ્કરના જવાનોને કામે લગાડાયા



**શ્રીનગર, તા. 25:** જમ્મુ અને કાશ્મીરના ગુલમર્ગ રિસોર્ટમાં સોમવારે સૌથી મોટી કેબલ કાર(ગોંડોલા) સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતા આશરે ૩૦૦ પ્રવાસીઓ હવામાં અટવાયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ૬૫ કેબલ કાર કેબિનો હવામાં અધવચ્ચે અટકી પડતા ૩૦૦ જેટલા મુસાફરો ફસાઇ પડ્યા હતા. આમાંથી કેટલીક કેબિનો તો જમીનથી ૫૦૦ ફૂટ જેટલી ઉંચાઇએ અટકી પડી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે, યાંત્રિક ખામી સર્જાયા બાદ ગુલમર્ગ કેબલ કાર સેવા, જે સામાન્ય રીતે ‘ગોંડોલા’ તરીકે ઓળખાય છે, તેના બંને ફેઝની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(NDRF), પોલીસ અને સેનાના જવાનો દ્વારા કેબિનમાં ફસાયેલા સેંકડો પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. કેબલ કાર સિસ્ટમને ફરીથી શરૂ કરવાનું સમારકામ કામ હાલમાં ચાલી રહ્યું છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે સરકાર પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર એક પોસ્ટમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તમામ કેબિન સુરક્ષિત છે અને જમીન પર તૈનાત પ્રશિક્ષિત ટીમો દ્વારા અટવાયેલા પ્રવાસીઓને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. તેમણે ઉમેર્યું કે, પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ જરૂર નથી. આ અગાઉ ૨૫ જૂન, ૨૦૧૭

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### ટીએમસીએ આઈ-પેકથી છેડો ફાડ્યો

પરિણામો જાહેર થતાંની સાથે જ, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે તૃણમૂલ કોંગ્રેસના વડા અને પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી (જેઓ લોકપ્રિય રીતે ‘દીદી’ તરીકે સંબોધાય છે) સાથે ફોન પર આશરે પિસ્તાલીસ મિનિટ સુધી વાતચીત કરી હતી અને ત્યાર બાદ તેઓ તેમને મળવા કોલકાતા જવા રવાના થયા હતા. આ વાતચીત દરમિયાન તેમણે દીદીને પૂછ્યું કે આ ચૂંટણીમાં તેઓ અને તેમની વ્યૂહરચનાઓ બરાબર ક્યાં થાપ ખાઈ ગયા. આના જવાબમાં દીદીએ કથિત રીતે તરત જ કહ્યું, ‘‘આ આઈ-પેકના લોકોએ મને મૂર્ખ બનાવી. છેલ્લી ઘડી સુધી તેઓ એમ જ કહેતા રહ્યા કે આપણે જીતી રહ્યા છીએ. બેઠકોની સંખ્યા અંગેના તેમના અંતિમ અહેવાલમાં પણ કહેવામાં આવ્યું હતું કે આપણને ૧૯૦ બેઠકો મળશે. તેઓ સતત એ વાત પર મક્કમ રહ્યા કે ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોય, આપણે ઓછામાં ઓછી આટલી બેઠકો તો જીતીશું જ. મારી ભવાનીપુર બેઠક અંગે તેઓ હંમેશાં મને કહેતા હતા કે ત્યાં કોઈ સમસ્યા નથી. જો તેમણે મને આ વાત વહેલી જણાવી હોત તો હું ઓછામાં ઓછું મારી બેઠક બદલવા વિશે વિચારી શકી હોત.’’ તેમણે ઉમેર્યું કે પરિણામો આવ્યા પછી તેઓ એવું કહેવા લાગ્યા કે ‘‘તેઓ મતદારોની યાદીના ખાસ સુધારા (એસઆઈઆર)

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૫-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૦.૪° સે. | ૩૦.૬° સે. | ૩૪% |

# માર્કો રુબિયોએ ભારત-વિરોધી વલણના આરોપો ફગાવ્યા

**ટ્રમ્પ** ભારત અને પીએમ મોદીના બહુ મોટા ફેન છે: માર્કો રુબિયો

**અમેરિકામાં** ભારતીયો વિરુદ્ધ રંગભેદી ટિપ્પણીઓ પર રુબિયોની સ્પષ્ટતા: સોશિયલ મીડિયા પર લોકો પાગલપન જેવી વાતો કરે છે

**નવી દિલ્હી, તા. 25 (PTI):** નવી દિલ્હીઃ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સોમવારે જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ મોટા પ્રશંસક છે. આ સાથે જ તેમણે અમેરિકામાં વધી રહેલા ભારત-વિરોધી વલણના આરોપોને ફગાવી દીધા હતા.

અમેરિકામાં ભારતીયો પ્રત્યે કથિત રંગભેદને લઈને રવિવારે એક પત્રકારના પ્રશ્ન પર રુબિયોએ આપેલી પ્રતિક્રિયાનો વીડિયો વાયરલ થયા બાદ વિવાદ સર્જાયો હતો, જેના સંદર્ભમાં વિદેશ મંત્રીએ સોમવારે આ સ્પષ્ટતા કરી છે.

જોકે, પત્રકારે પોતાના પ્રશ્નમાં સ્પષ્ટતા નહોતી કરી, પરંતુ

...અનુસંધાન પાના 15 પર

# ઈરાન મંત્રણામાં સરસ પ્રગતિ થઈ રહી છે : ડોનાલ્ડ ટ્રમ્પ

**ઇરાનના** સર્વોચ્ચ નેતાના જટિલ સંચાર નેટવર્કને કારણે પ્રતિભાવ મળવામાં વાર લાગી રહી છે

**ઇરાન** સાથે શાંતિ મંત્રણામાં સામેલ દેશોને અબ્રાહમ એકોર્ડ પર હસ્તાક્ષર કરવા ટ્રમ્પનો આગ્રહ

**વોશિંગ્ટન, તા. 25 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે યુદ્ધનો અંત લાવવા માટે ઈરાન સાથેની વાટાઘાટો સારી રીતે” આગળ વધી રહી છે, પરંતુ અધિકારીઓએ ધ્યાન દોર્યું હતું કે તેહરાન તેના સર્વોચ્ચ નેતા સાથે પરામર્શ કરવા માટે જે જટિલ સંચાર નેટવર્કનો ઉપયોગ કરે છે તેના કારણે અંતિમ નિર્ણય લેવામાં થોડો સમય લાગી શકે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રુથ સોશિયલ’ પર એક પોસ્ટમાં એમ પણ જણાવ્યું હતું કે ઈરાન સાથેની શાંતિ વાટાઘાટોમાં સામેલ દેશોએ અબ્રાહમ એકોર્ડ પર હસ્તાક્ષર કરવા જોઈએ, જે ઈઝરાયેલ અને આરબ દેશો વચ્ચે રાજદ્વારી, આર્થિક અને સુરક્ષા સંબંધો સ્થાપિત કરવા સાથે સંબંધિત છે.

તેમણે કહ્યું કે ઈરાન આ કરારમાં હસ્તાક્ષરકર્તા તરીકે સામેલ થાય એ સન્માનની વાત હશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ...આ ખૂબ જ જટિલ કોયડાને એકસાથે લાવવા માટે અમેરિરા દ્વારા કરવામાં આવેલા તમામ પ્રયાસો પછી, તે ફરજિયાત હોવું જોઈએ કે આ તમામ દેશો, ઓછામાં ઓછા, એકસાથે, અબ્રાહમ એકોર્ડ્સ પર

...અનુસંધાન પાના 15 પર

# ટેરર ફંડિંગ કેસમાં કાશ્મીરમાં અનેક સ્થળે NIAના દરોડા

**પ્રતિબંધિત** જમાતે ઇસ્લામી સાથે સંકળાયેલા આ કેસમાં શ્રીનગર અને શોપિયાંમાં ત્રણ સ્થળે દરોડા

**વાંધાજનક** નાણાકીય દસ્તાવેજો અને ઇલેક્ટ્રોનિક સાધનો મળી આવ્યા

**શ્રીનગર, તા. 25 (PTI):** પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા ટેરર-ફંડિંગ (આતંકવાદીઓને નાણા ભંડોળ પુરા પાડવાના) કેસની તપાસના ભાગરૂપે રાષ્ટ્રીય તપાસ એજન્સી એ સોમવારે કાશ્મીર ખીણમાં દરોડા પાડ્યા હતા.

કાશ્મીરના શ્રીનગર અને શોપિયાં જિલ્લામાં ત્રણ સ્થળોએ હાથ ધરવામાં આવેલા આ દરોડા દરમિયાન કેટલાક વાંધાજનક નાણાકીય દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવ્યા છે, જે જમ્મુ-કાશ્મીરમાં જમાત-એ-ઈસ્લામી અને તેની વિવિધ ટ્રસ્ટો/સંસ્થાઓની પ્રવૃત્તિઓ સાથે સંબંધિત હોવાની શંકા છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે, રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)ના અધિકારીઓએ શોપિયાંના ઈમામ સાહિબ

...અનુસંધાન પાના 15 પર

# NTA ભૂતકાળના બનાવો પરથી બોધપાઠ શીખી નથી તે દુ:ખદ છે: સુપ્રીમ કોર્ટ

**NEET** પરીક્ષા યોજના આ એજન્સીના સ્થાને નવી એજન્સીની માગ કરતી અરજી પર કેન્દ્ર, NTA અને CBI પાસે જવાબ માંગ્યો

**પક્ષકારોને** ત્રણ દિવસમાં જવાબ આપવા કહ્યું, વધુ સુનાવણી શુક્રવારે

**નવી દિલ્હી, 25 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, એ ખૂબ જ દુ:ખદ છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ અગાઉના NEET પેપર લીકમાંથી કોઈ પાઠ શીખ્યો નથી. આ સાથે જ કોર્ટે મેડિકલ પ્રવેશ પરીક્ષા (NEET) આયોજિત કરવા માટે આ પરીક્ષણ એજન્સીના સ્થાને એક મજબૂત અને સ્વાયત્ત સંસ્થા લાવવાની માંગ કરતી અરજીઓ પર કેન્દ્ર સરકાર, NTA અને CBI પાસે જવાબ માંગ્યો છે.

જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને જસ્ટિસ આલોક અરાધેની ખંડપીઠે નિર્દેશ આપ્યો છે કે આ અરજીઓની નકલ સોલિસિટર જનરલ તુષાર મહેતા સહિત અન્ય પક્ષકારોને સોંપવામાં આવે. આ સાથે જ NEET પરીક્ષા આયોજિત કરવા માટે જવાબદાર સંસ્થા NTAને વર્ષ

...અનુસંધાન પાના 15 પર

# નીટ ફેર પરીક્ષા સરળ રીતે યોજવા કેન્દ્રએ રાજ્યોનો સહકાર માગ્યો

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજ્યો અને સંઘપ્રદેશોના મુખ્યમંત્રીઓ, વહીવટદારોને પત્ર લખીને પરીક્ષાર્થીઓને પાયાની આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું

**નવી દિલ્હી, તા. ૨૫(PTI):** કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, લેફ્ટનન્ટ ગવર્નરો અને વહીવટદારોને પત્ર લખીને આગામી ૨૧ જૂનના રોજ યોજાનારી NEET-UG પુનઃપરીક્ષાના સરળ અને નિષ્પક્ષ સંચાલન માટે તેમના સહયોગની માંગ કરી છે.

શિક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, હાલની કાળઝાળ ગરમીની સ્થિતિને ધ્યાનમાં રાખીને, પ્રધાને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઉમેદવારોની સુવિધા અને સુખાકારી માટે પરીક્ષા કેન્દ્રો પર આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી કરી છે. તેમણે પત્રમાં

...અનુસંધાન પાના 15 પર


આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ® ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
૨૬ વર્ષથી

દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.

"૨૬ વર્ષથી ટેબ કિલનીક્સ સુરત શાખા નો શુધ્ધ આયુર્વેદીક સારવાર કરીને અનેક દર્દીઓ હાડકા-મણકા-સાંધા તેમજ સ્નાયુઓને લગતી અનેક તકલીફોથી મુકત થયા છે. અમે પણ એ ફાયદો પ્રત્યક્ષ મેળવ્યો છે તો તમે કેમ નહીં ?"

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા **શ્રીમતિ પ્રજ્ઞાબેન દેસાઈ**
ઉંમર- ૫૯ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એફ-૩૦૭, વનિતાપાર્ક, ભટાર રોડ, સુરત-૩૯૫૦૦૭



"ઘણા વર્ષો પહેલા મને બંને ઘુંટણમાં દુ:ખાવાની શરૂઆત થએલી. ધીરે-ધીરે કમર, બંને ઘુંટી, પગના સ્નાયુઓ, ગરદન, બંને ખભા તથા હાથની આંગળીઓમાં પણ દુ:ખાવો શરૂ થઈ ગયો. આખા શરીરમાં જકડાહટ રહેતી હતી. સવારે ઊઠું ત્યારે તળિયામાં સખત દુ:ખાવાને કારણે જમીન પર પગ મૂકી શકાતો ન હતો.પલાંઠી વાળીને જમીન પર થોડીવાર પણ બેસી શકાતું ન હતું. ગરદન અને ખભાના દુ:ખાવાને લીધે ગરદન ઘુમાવતાં તડ-તડ અવાજ આવતો હતો અને બંને હાથ બિલકુલ ઉંચા કરી શકાતા ન હતા. બંને હાથના આંગળાઓમાં જકડાહટ રહેતી હતી અને સખત ખેંચાતા હતા. આથી લોટ પણ બાંધી શકાતો નહી હતો. એક દિવસ પેપરમાં ટેબની જાહેરાત વાંચી મે ત્યાં બતાવવા માટે એપોઈન્ટમેન્ટ લીધી. ટેબના ડોકટરે કહયા પ્રમાણે નિયમિત સારવાર ચાલુ કરી. નિયત સમય પહેલાજ હું સંપૂર્ણ સારી થઈ ગઈ. સારવાર પૂરી થયાના દોઢેક વર્ષ પછી પણ કોઈપણ પ્રકારના દુ:ખાવા વગર સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી રહી છું. ઘરનું બધું જ કામકાજ કરી શકુ છું. સવારે ઉઠું ત્યારે એકદમ ફ્રેશ ફીલ કરૂં છું. રોજ એકાદ કલાક વોક અને ૪૦-૪૫ મિનિટ યોગા કરૂં છું. સારવાર પુરી થયા પછી પ્રયાગરાજ યાત્રા પર ગએલી ત્યારે ૩૦-૩૫ કિ.મી. ચાલવા છતાં મને કોઈપણ જાતની તકલીફ નહીં પડેલી. ટેબની સારવાર પછી મને જીવનની નવી આશ - નવી રાહ મળી છે એ બદલ આભાર ટેબ કિલનીક્સનો."
દર્દી ની સહી

આમ કહેવું છે ટેબમાં સંપૂર્ણ સારા થયેલા **શ્રીમતિ ભારતીબેન વડનગરા**
ઉંમર- ૬૮ વર્ષ, વ્યવસાય - ગૃહિણી,
સરનામું - એ-૬૦૧, ગ્રીન એન્કલેવ, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત-૯



"ઘણા વર્ષોથી મને ડાબા પગના ઘુંટણમાં સખત દુ:ખાવો, સોજો તથા પલાંઠી પણ વાળી શકાતી ન હતી. થોડીવાર માટે પણ ચાલવાનું કે ઉભા રહેવાનું ખુબજ મુશ્કેલ હતું. ચાલતી વખતે પગ ઉપાડતાં પગ ખુબ જ ભારે લાગતાં હતા. લોલકની જેમ ડગુમગું ચલાતું હતું. દુ:ખાવાથી ખૂબ કંટાળી ગઈ હતી એવા સમયે પેપરમાં ટેબમાં સારા થયેલા પેશન્ટ વિશે વોચ્યુ. મને થયુ કે જો બીજા સારા થાય છે તો હું કેમ નહીં ? અમે ટેબની મુલાકાત લીધી. ત્યાં ડોકટરે મારી સંપૂર્ણ શારીરિક તપાસ કરી. મને નિયત સમયમાં વગર ઓપરેશને સારા કરવાની ખાતરી આપી. ટેબના ડોકટરના કહેવા પ્રમાણે નિમમિત સારવાર કરી નિયત સમયમાં હું સંપૂર્ણ સારી થઈ ગઈ. મને દુ:ખાવામાં સંપૂર્ણ રાહત મળી છે. સોજા પૂરેપૂરા ઉતરી ગયા છે અને જકડાહટ બિલકુલ રહેતી નથી. હવે હું જમીન પર, પલાંઠી વાળીને તથા ઉભડક પગે બેસી શકું છું. એક-બે કી.મી. ચાલવા પણ જાઉ છું. ઘણી વખત ઉભા રહીને રસોડાનું તેમજ ઘરનું અન્ય કામ પણ દર્દરહીત પણે કરી શકાય છે. હવે ચાલતી વખતે ડગુમગુ પણ નથી ચલાતું અને પગ આરામથી ઉપાડી શકાય છે. આભાર ટેબ કિલનીકનો."
દર્દી ની સહી

- ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્ભુત મિશ્રણ છે.
- ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
- ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતું પોતાની જ ગ્રૂપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપૂર્ણ ઉપચાર કરે છે.
- ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
- શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક વેદનાશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
- ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.